©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVI ] THURSDAY, DECEMBER 11, 2025 / AGRAHAYANA 20, 1947 [ No. 50**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-B

**Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts.**

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

**જાહેરનામું**

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી નવેમ્બર, ૨૦૨૫

**ક્રમાંક: GHKH/180/2025/ACD/ACT/e-file/2/2023/4106/G:-** ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ, ૧૯૬૩ (સને.૧૯૬૪ના ગુજરાત અધિનિયમ નં.૨૦) (જેનો હવે પછી સદરહુ અધિનિયમ તરીકે ઉલ્લેખ કર્યો છે)ની કલમ-૫૨, અન્વયે મળેલ સત્તાની રૂએ તથા કલમ-૫ હેઠળ સરકારશ્રીને મળેલ સત્તાની રૂએ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૧૯/૦૫/૨૦૨૫ના જાહેરનામાંથી બજાર સમિતિ બગસરાનું બજાર સમિતિ બગસરા અને બજાર સમિતિ, કુકાવાવ-વડીયામાં વિભાજન કરવામાં આવેલ છે.

આથી હવે સદરહું અધિનિયમની કલમ-૫૫,(૧) હેઠળ મળેલ સત્તાની રૂએ અવિભાજીત ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ- બગસરાના પાકા સરવૈયાની સ્થિતિએ ફંડ, મિલ્કત તથા દેવા અને જવાબદારીઓનો ભાગ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ- બગસરાની મિલ્કત વહેંચણી અંગે નિયામકશ્રી, ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ગાંધીનગરના તા.૦૩/૧૧/૨૦૨૫ના પત્રથી અત્રે મળેલ દરખાસ્તમાં રજૂ કરેલ વિગતોને આધીન વહેંચણી કરવાની બાબત સરકારશ્રીની વિચારણામાં હતી.

નિયામકશ્રીની સદરહુ દરખાસ્તમાં જણાવ્યા મુજબ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલીના અધ્યક્ષ સ્થાને બન્ને બજાર સમિતિઓની તા.૦૫/૦૮/૨૦૨૫ના રોજ મળેલ સંયુક્ત બેઠકમાં તા.૩૧/૦૩/૨૦૨૫ની સ્થિતિએ બજાર સમિતિ-બગસરાના સરવૈયા અન્વયે ફંડો અને મિલકતોના વિભાજન માટે નીચે દર્શાવેલ પત્રક-૧ મુજબની વિગતો ધ્યાને લઈ વિભાજન માટે ટકાવારી નક્કી કરતી વિગતો સંયુક્ત બેઠકમાં ધ્યાને મૂકેલ હતી.

**પત્રક નં-૧**

| ક્રમ | વિગત | બગસરા તાલુકો | કુંકાવાવ વડીયા તાલુકો | કુલ |
|---|---|---|---|---|
| ૧ | કુલ ખેડાણ વિસ્તાર (હે.આર.ચો.મી) | ૩૧૮૩૮.૨૬ | ૪૮૨૧૨.૭૮ | ૮૦૦૫૧.૦૪ |
| | ટકા | ૩૯.૭૭ | ૬૦.૨૩ | ૧૦૦% |
| ૨. | કુલ જમીન વિસ્તાર (હે.આર.ચો.મી) | ૨૧૬૦૧૨.૫૯ | ૩૦૬૭૫૩.૦૯ | ૫૨૨૭૬૫.૬૮ |
| | ટકા | ૪૧.૩૨ | ૫૮.૬૮ | ૧૦૦% |
| ૩ | વસ્તી | ૯૦૪૪૨ | ૯૯૭૯૪ | ૧૯૦૨૩૬ |
| | ટકા | ૪૭.૫૪ | ૫૨.૪૬ | ૧૦૦% |
| ૪ | ગામોની સંખ્યા | ૩૬ | ૪૫ | ૮૧ |
| | ટકા | ૪૪.૪૪% | ૫૫.૫૬% | ૧૦૦% |
| | છેવટની કુલ ટકાવરી | ૩૩૮૩૨૮.૮૫ | ૪૫૪૮૦૪.૮૭ | ૭૯૩૧૩૩.૭૨ |
| | ટકા | ૪૨.૬૬ | ૫૭.૩૪ | ૧૦૦% |

સદરહું સંયુક્ત બેઠકમાં ઉક્ત પત્રકની બાબત ધ્યાને લઈ ફંડો તથા બીજી મિલ્કતોનું વિભાજન કરવા તથા બ– સમિતિ, બગસરા સ્થાવર મિલ્કતનું વેલ્યુએશન કઢાવી તેની માહિતી નિયામકશ્રીની કચેરીને મોકલી આપવા જણાવેલ પરંતુ આ સંયુક્ત બેઠકમાં આ બાબતે કોઈ સહમતી બનેલ ન હતી.

ત્યારબાદ તા.૧૯/૦૯/૨૦૨૫ના રોજ બીજી સંયુક્ત બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં બંન્ને બીજી સમિતિના વ્યવસ્થાપક સમિતિ વચ્ચે પરસ્પર સર્વસહમતિ થયેલ હતી. જે સંયુક્ત બેઠકમાં શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજા સમિતિ, બગસરા અને શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, કુંકાવાવ-વડીયા દ્વારા બંન્ને બજાર સમિતિઓ દ્વારા અલ અલગ ઠરાવ પસાર કરીને ફંડોના વિભાજન માટે ઠરાવ પસાર કરવામાં આવેલ. જેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | બજાર સમિતિનું નામ | વહેંચણીમાં જે જવાબદારી મળેલ છે તેની વિગતો |
|---|---|---|
| ૧ | બજાર સમિતિ, બગસરા | તા. ૩૧/૦૩/૨૫ની સ્થિતિએ બ.સ.બગસરાના પાકા સરવૈયામાં ઉપસ્થિત થતી તમામ જવાબદારીઓ (મિલ્કત અને લેણા તથા મુડી-દેવા) માંથી બ.સ. કુકાવાવ- વડીયાને ફાઈનલ રકમ રૂ. ૧૨,૦૦,૦૦૦/- ચુકવવાના રહેશે. |
| ૨ | બજાર સમિતિ, બગસરા | બજાર સમિતિ, બગસરાના સ્ટાફ શિડ્યુલ મુજબ કુલ ૦૬ જગ્યાઓ છે. જે હવે પછીથી નીચે મુજબ રહેશે.<br>૧. સેક્રેટરી ૦૧ (ખાલી જગ્યા)<br>૨. ક્લાર્ક ૦૧ (શ્રી પી.એલ.ઘોડાસર)<br>૩. પટાવાળા ૦૨ (એમ.વી.ઘોડાસર અને એ.બી.મયાત્રા)<br>કુલ જગ્યાઓ ૦૪ |
| ૩ | બજાર સમિતિ, કુકાવાવ- વડીયા | હુકમ થયેથી બજાર સમિતિ, બગસરા પાસેથી ફાઈનલ રકમ રૂ. ૧૨,૦૦,૦૦૦/- મેળવવા. |
| ૪ | બજાર સમિતિ, કુકાવાવ- વડીયા | બજાર સમિતિ, બગસરાના સ્ટાફ શિડ્યુલમાંથી ૦૫૨ જગ્યાઓ નીચે મુજબ છે.<br>૧. ઈન્સ્પેક્ટર ૦૧ (શ્રી આર.બી.ઠુંમ્મર)<br>૨. ક્લાર્ક ૦૧ (ખાલી જગ્યા)<br>કુલ જગ્યાઓ ૦૨ |
| ૫ | બજાર સમિતિ, કુકાવાવ- વડીયા | ફાળવવામાં આવેલ ઈન્સ્પેક્ટરના હક્ક હિસ્સાઓ નીચેની વિગત મુજબ<br>૧. પ્રોવિડન્ડ ફંડ- રૂ. ૨૨,૯૮,૭૨૪/- (ઉપરાંત વ્યાજ)<br>૨. ગ્રેચ્યુઈટી ફંડ - રૂ. ૧૨,૫૫,૫૨૦/-<br>૩. રજા વળતર ફંડ- રૂ. ૪,૬૨,૫૬૦/-<br>કુલ ફંડ- રૂ.૪૦૧૬૮૦૪/-<br>ઉપરોક્ત ફંડ બજાર સમિતિ, બગસરા પાસેથી મેળવીને બજાર સમિતિ, કુકાવાવ- વડીયાને ટ્રાન્સફર કરવાનું રહેશે. |

બજાર સમિતિ, બગસરાના તા. ૩૧/૦૩/૨૦૨૫ની સ્થિતિએ બજાર ફંડ નીચે મુજબ છે.

(અ) સરવૈયા મુજબ બેંકમાં જમા રકમની વિગત

| | |
|---|---|
| અમરેલી મધ્યસ્થ બેંક લી. સેવિંગ્સ | ૨,૬૯,૮૬૮/- |
| જિ. રજિ. અને બજાર સમિતિ, બગસરાનું સયુંક્ત | ૨૦,૩૧૫/- |
| સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા સેવિંગ્સ | ૨૨,૭૨૬/- |
| સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા કરંટ | ૧,૮૫,૪૯૬/- |
| **કુલ** | **૪,૯૮,૪૦૫/-** |

(બ) સરવૈયા મુજબ કાયમી ફંડની વિગત.

બજાર સમિતિ, બગસરાનું કાયમી ફંડ -રૂ, ૨,૯૩,૮૨,૭૫૫.૬૧/-

બજાર સમિતિ બગસરાની છેલ્લા ત્રણ વર્ષની માર્કેટ શેષ ફી નીચે મુજબ છે.

વર્ષ:- ૨૦૨૨-૨૩- રૂ, ૨૪,૦૭,૪૯૧/-

વર્ષ:- ૨૦૨૩-૨૪-રૂ, ૨૬,૭૯,૭૬૩/-

વર્ષ :- ૨૦૨૪-૨૫- રૂ,૩૧,૫૬,૧૯૭.૨૮/-

કુલ :- રૂ, ૮૨,૪૩,૪૫૧.૨૮/-

બજાર સમિતિ બગસરાનું સરવૈયુ, છેલ્લા ૩ વર્ષની માર્કેટ શેષ ફી તથા બન્ને બજાર સમિતિની સર્વસન્મતિ ધ્યાને લેતાં, બજાર સમિતિ, બગસરાના કાયમી ફંડમાંથી રૂ, ૨૪,૦૦૦,૦૦૦/- (રૂ, ચોવીસ લાખ) બજાર સમિતિ, કુંકાવાવ- વડીયાને મળે તો નવનિર્મિત બજાર સમિતિ, કુંકાવાવ-વડિયા પોતાનું કામકાજ શરૂ કરી શકે અને બજાર સમિતિ, બગસરા પર આર્થિક વિપરીત અસર થવાની સંભાવના ઘટી જાય.

વધુમા વિભાગના તા.૧૯/૦૫/૨૦૨૫ના બે અલગ અલગ જાહેરનામાંથી બજાર સમિતિ, બગસરા અને બજાર સમિતિ, કુંકાવાવ- વડીયામાં વ્યવસ્થાપક સમિતિના સભ્યો નિયુક્ત કરેલ છે. જે અન્વયે નામ. હાઈકોર્ટમાં સ્પે.સી.એ.નં:- ૭૪૩૪/૨૦૨૫ દાખલ થયેલ છે.

ઉપરોક્ત તમામ બાબતો અન્વયે, પુખ્ત વિચારણાને અંતે ઉક્ત વિગતે નિયામકશ્રીની તા. ૦૩/૧૧/૨૦૨૫ની દરખાસ્ત મુજબ સદરહું અધિનિયમની કલમ-૫૫(૧) હેઠળ મળેલ સત્તાની રૂએ અવિભાજીત ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ- બગસરાના તા.૩૧/૦૩/૨૦૨૫ અંતિત પાકા સરવૈયાની સ્થિતિએ મિલ્કત ફંડ, દેવા અને જવાબદારીઓ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ બગસરા તેમજ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ કુંકાવાવ- વડીયાને તબદીલ કરવામાં આવે છે.

આ વહેંચણી નામ. હાઇકોર્ટમાં દાખલ થયેલ સ્પે.સી.એ.નં. ૭૪૩૪/૨૦૨૫ના આખરી ચૂકાદાને આધીન રહેશે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**એચ. બી. મારડિયા,**

સરકારના સંયુક્ત સચિવ.

----------

**REVENUE DEPARTMENT**

**NOTIFICATION**

Sachivalaya, Gandhinagar, 5th December, 2025.

**GUJARAT LAND REVENUE CODE, 1879.**

**No: GHM/2025/220/RD/MSM/e-file/15/2023/6227/H:** In exercise of the powers conferred by section 125C of the Gujarat Land Revenue Code, 1879 (Bom. V of 1879), the Government of Gujarat hereby directs the Supplemental Revenue Settlement in respects of the following transitional area as mentioned in the Schedule for the purposes of the aforesaid Act.

**SCHEDULE**

**The details showing the area of the transitional area for Supplemental Revenue Settlement**

| Sr. No. | Name of the area. | Details of the Sub-area included in the area. | Four sides of the area. | Approximate size of the area. |
|---|---|---|---|---|
| **1** | **2** | **3** | **4** | **5** |
| 1 | Avadhpuri Society Moje: Chandlodiya, Survey No. 157 F.P.57 Ta-Sabarmati, Dist-Ahmedabad. | Avadhpuri Society | (1) East – Public Road R.C.Technical Road<br>(2) West – I. D. Patel School is situated next to the open plot of the Corporation<br>(3) North – Torrent Power Sub Station<br>(4) South – Vishvas City-1 | 3629 Sqm. |

By order and in the name of the Governor of Gujarat,

**CHINTAN H. CHAUDHARI,**

Under Secretary to Government.

----------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2025.12.11 16:31:25 IST